# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-05-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. રાજ્ય સરકારે હીરા ઉદ્યોગમાં મંદીથી અસરગ્રસ્ત રત્નકલાકારો, નાના ઉદ્યોગકારો માટે આર્થિક સહાયની જાહેરાત કરી
2. ગુજરાત ATS-એ પાકિસ્તાન માટે જાસૂસી કરતા એક વ્યક્તિની કચ્છથી ધરપકડ કરી.
3. GST વિભાગે કપડાના વેપારીઓ સામે કાર્યવાહી કરી અંદાજે એક કરોડ 48 લાખની કરચોરી પકડી
4. રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી
5. કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આયોજિત ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સમાં મણિપુર વિજેતા બન્યું

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## DIAMOND INDUSTRY PKG

રાજ્ય સરકારે હીરા ઉદ્યોગમાં મંદીથી અસરગ્રસ્ત રત્નકલાકારો, નાના ઉદ્યોગકારો માટે આર્થિક સહાયની જાહેરાત કરી છે. ગૃહ અને ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે સુરતમાં પત્રકાર પરિસદમાં જણાવ્યું, ‘આ સહાય અંતર્ગત બેરોજગાર રત્નકલાકારોના બાળકોની એક વર્ષ માટે 13 હજાર 500 રૂપિયા સુધીની ફી સરકાર આપશે.

**(BYTE- HARSH SANGHAVI, MINISTRY OF STATE INDUSTRIES)**

ઉલ્લેખનીય છે કે, હીરા ઉદ્યોગમાં મંદીને પગલે રત્ન કલાકારો, હીરાના નાના ઉદ્યોગકારો, વેપારીઓને રાહત આપવા મુખ્યમંત્રી, ગૃહ રાજ્યમંત્રી, શિક્ષણ રાજ્યમંત્રી, ગૃહ વિભાગ ACSની સમિતિની રચના કરવામાં આવી હતી.

----------------

## GNR SAMIKSHA BETHAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગાંધીનગરના કાર્યક્રમ અને રોડ શો કાર્યક્રમની સમીક્ષા કરવા આજે ગાંધીનગરમાં બેઠક યોજાઈ. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જિલ્લા પોલીસ વડા, વહીવટી તંત્રના અધિકારીઓ, ધારાસભ્યો, મેયર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા. દરમિયાન શ્રી મોદીના રોડ શોના રૂટની પણ સમીક્ષા કરવામાં આવી.

----------------

# JASUS ARREST

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- ATSની ટુકડીએ પાકિસ્તાન માટે જાસૂસી કરતા એક વ્યક્તિની ધરપકડ કરી છે. ભારતીય સેનાની માહિતી પાકિસ્તાનને આપતા સમયે કચ્છના દયાપર ખાતેથી આ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. તે સરહદ સુરક્ષા દળ- BSF અને નૌકાદળના પ્રૉજેક્ટના ફોટો અને વીડિયો પાકિસ્તાનને મોકલતો હતો.

આરોપી ભારતીય સેનાની માહિતી માગનારી પાકિસ્તાની મહિલા એજન્ટનાં સંપર્કમાં પણ હતો, એમ ATS-ના SP કે. સિદ્ધાર્થે જણાવ્યું.

**(BYTE- K. SIDDHARTH, SP, GUJARAT ATS)**

----------------

# GST RAID

રાજ્ય GST- વસ્તુ અને સેવા કર વિભાગે તૈયાર કપડાંના વેપારીઓ પર કાર્યવાહી કરી એક કરોડ 48 લાખ રૂપિયાની કરચોરી પકડી છે. સત્તાવાર યાદી મુજબ, GST વિભાગે ગત 21 મે-એ મહેસાણા, પાલનપુર અને અમદાવાદના મળી એકસાથે પંદર કપડાંના વેપારીઓ સામે GST ચોરી બદલ તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આ વેપારીઓ ગેરરીતિ કરતા હોવાનું સામે આવતા એક કરોડ 48 લાખ રૂપિયાની કરચોરી મળી આવી હતી.

----------------

# RAJYAPAL SABARMATI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે ‘સ્વચ્છ સાબરમતી અભિયાન’માં જોડાયા હતા. તેમણે અમદાવાદમાં વલ્લભસદન પાસે સાબરમતી નદીના પટમાં ઉતરીને શ્રમદાન કર્યું. દરમિયાન શ્રી દેવવ્રતે નદીને સ્વચ્છ અને પવિત્ર રાખવાની સામૂહિક જવાબદારી આપણી હોવાનું જણાવ્યું. તેમણે લોકોને સાબરમતી નદીની સ્વચ્છતામાં સહભાગી થવા પણ અપીલ કરી.

**(BYTE- ACHARYA DEVVRAT, GOVERNOR)**

ઉલ્લેખનીય છે કે, આગામી પાંચ જૂન સુધી ચાલનારા આ મહાઅભિયાન અંતર્ગત અત્યાર સુધી નદીમાંથી 408 મૅટ્રિક ટન કચરો કાઢવામાં આવ્યો છે.

----------------

# STATE WEATHER -1

હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર જોવા નહીં મળે. જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાત અને કચ્છમાં છૂટાછવાયા સ્થળ પર સોમવાર 26મી મે સુધી વરસાદની આગાહી હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

હવામાન ખાતાની આગાહીને પગલે અમરેલીના જાફરાબાદ બંદર પર તકેદારીની ભાગરૂપે એક નંબરનું સિગ્નલ લગાવાયું છે. અમારા

પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે, દરિયો તોફાની બને તેવી તેવી શક્યતાને પગલે માછીમારોને દરિયો ન ખેડવાની પણ સૂચના અપાઈ છે.

બીજી તરફ ગઈકાલે સાંજથી શરૂ થયેલા વરસાદના કારણે અમરેલી શહેર, લાઠી, વડિયા, કુંકાવાવસ ચલાલા અને બગસરા વિસ્તારમાં 110 જેટલા વીજળીના થાંભલા ધરાશાયી થયા છે. પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ-PGVCLની ટીમ વીજ પૂરવઠોને પુનઃસ્થાપિત કરવાની કામગીરીમાં જોડાઈ છે.

વલસાડ જિલ્લામાં પણ આજે સવારે ગાજવીજ સાર્વત્રિક કમોસમી વરસાદ ખાબક્યો. તેના કારણે ખેડૂતોમાં ચિંતા વધી છે. બીજી તરફ, ડાંગનાં કલેક્ટર શાલિની દુહાએ જિલ્લાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને મુખ્યમથક પર સતત હાજર રહેવા સૂચના આપી છે.

નવસારીના ગણદેવી તાલુકામાં આજે અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો. દરમિયાન ભારે પવનના કારણે ચાર ગામમાં છ મકાનનાં પતરાં ઉડી ગયા હતા. જ્યારે ગણદેવીના સ્મશાનને પણ નુકસાન પહોંચ્યું. જ્યારે બિલિમોરામાં બે વૃક્ષ ધરાશાયી થયા હતા.

છોટા ઉદેપુર જિલ્લામાં વીજળીના કડાકા સાથે આજે વરસાદ થતાં લોકોને અસહ્ય ગરમીમાંથી રાહત મળી છે.

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી

વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 122-મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઈલ ઍપ્લિકેશન, આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ પર આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત આકાશવાણીથી હિન્દી પ્રસારણ બાદ તરત જ ‘મન કી બાત’ કાર્યક્રમ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારિત થશે.

----------------

## KHELO INDIA DIU

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં આયોજિત ખેલો ઇન્ડિયા બીચ ગૅમ્સ 2025ના અંતમાં મણિપુર, મહારાષ્ટ્ર, નાગાલૅન્ડ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરે પાંચ-પાંચ સુવર્ણ ચંદ્રક જીતીને એકબીજાને જોરદાર ટક્કર

આપી. જોકે, છેવટે ટોચના પાંચ સ્થાન રજત ચંદ્રકના વિજેતાના આધારે નક્કી કરાયા.

છ રજત ચંદ્રક જીતનારું મણિપુર પહેલા સ્થાને રહ્યું છે. જ્યારે મહારાષ્ટ્ર બીજા અને નાગાલેન્ડ ત્રીજા સ્થાને રહ્યું. નાગાલેન્ડ કોઈ ખેલો ઇન્ડિયા સ્પર્ધામાં ટોચના ત્રણ સ્થાનમાં રહ્યું હોય એવું પહેલી વાર બન્યું છે. તો એક-એક રજત ચંદ્રક સાથે હરિયાણા અને જમ્મુ-કાશ્મીર સંયુક્ત રીતે ચોથા સ્થાને રહ્યું છે. ઉપરાંત યજમાન દાદરા અને નગરહવેલી તેમજ દમણ અને દીવે ચાર સુવર્ણ ચંદ્રક જીતીને પૉઈન્ટ ટૅબલમાં સાતમું સ્થાન મેળવ્યું છે.

આ વખતે ટૂર્નામૅન્ટમાં દેશના યુવા તરવૈયાઓએ બહાદુરી અને સંકલ્પનું ભવ્ય પ્રદર્શન કર્યું. પાંચ અને દસ કિલોમીટરની સ્પર્ધામાં મહારાષ્ટ્ર અને કર્ણાટકના તરવૈયાઓએ પ્રભુત્વ જમાવ્યું.

----------------

## JAMNAGAR-CORONA

જામનગરમાં વિદેશથી આવેલા એક યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા, તેમના સંપર્કમાં આવેલા તમામ લોકોનું પરીક્ષણ કરાશે.

જામનગર મહાનગરપાલિકા અને જીજી હોસ્પિટલ દ્વારા સૌને સતર્ક રહેવા જણાવાયું છે. મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડો. પલ્લવ ગણાત્રાએ વધુ માહિતી આપી.

**(બાઈટ : ડો. પલ્લવ ગણાત્રા, મનપા આરોગ્ય અધિકારી)**

----------------

# PANCHMAHAL- YOG SIBIR

આંતર-રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે પંચમહાલના ગોધરામાં આવતીકાલે યોગ શિબિર યોજાશે. ગોધરાના ક્રિકેટ મેદાન ખાતે સવારે સાડા પાંચ-થી સાડા સાત વાગ્યા સુધી યોજાનારી શિબિરમાં યોગસાધકો અને નાગરિકોને જોડાવવા અપીલ કરવામાં આવી છે.

----------------